દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ
બુધવાર ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪

નવેસરથી શરૂ થયેલું ખેડૂત આંદોલન ચૂંટણી ટાણે ભાજપ માટે મુશ્કેલી સર્જશે?

દિલ્હીના દરવાજે પોતાના મોટા આંદોલનને બંધ કર્યાના બે વર્ષથી થોડો વધુ સમય પછી, ખેડૂતો ફરી એકવાર આંદોલને ચડ્યા છે.જો કે તેની માંગણીઓ અને નેતૃત્વ બંનેમાં, 2024નો વિરોધ 2020-21 ના વર્ષના આંદોલન કરતા ઘણો અલગ છે, જે દરમિયાન ખેડૂતોએ કેન્દ્ર સરકારને તેના કૃષિ સુધારણા એજન્ડાને પાછો ખેંચવા દબાણ કરવાના તેમના મુખ્ય ધ્યેયમાં સફળતા મેળવી હતી. હાલના આંદોલનમાં અગાઉના આંદોલન વખતે સરકારે લઘુતમ ટેકાના ભાવની જે ખાતરી આપી હતી તેનો કાનૂની ટેકા સાથે તમામ પાકો માટે અમલની માગણી સહિત અન્ય નવી માગણીઓ પણ આંદોલનકારી ખેડૂતો કરી રહ્યા છે. મંગળવારે આ આંદોલને હિંસક વળાંક લીધો અને આંદોલનકારી ખેડૂતો અને સુરક્ષા દળો વચ્ચે પંજાબ હરિયાણા સરહદે સંઘર્ષ સર્જાયો. હરિયાણા પોલીસે મંગળવારે આંદોલનકારી ખેડૂતોને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કરવાનો આશરો લીધો કારણ કે જૂથોએ તેમના 'ટ્રેક્ટર-ટ્રોલી' કાફલા સાથે દિલ્હી તરફ 'કૂચ' કરવા માટે હરિયાણામાં બળપૂર્વક પ્રવેશવાનો પ્રયાસ કર્યો. શિયાળાની ઠંડી, ગાઢ ધુમ્મસ અને હરિયાણા સરકાર દ્વારા રાજ્યમાં પ્રવેશ કરવા પર લાદવામાં આવેલા પ્રતિબંધોથી ડર્યા વિના, ફતેગઢ સાહિબ ખાતે એકઠા થયેલા પંજાબના વિવિધ ભાગોમાંથી હજારો ખેડૂતો 'દિલ્હી ચલો'માં ભાગ લેવા માટે રાષ્ટ્રીય રાજધાની તરફ આગળ વધવા લાગ્યા. ' તેમની માંગણીઓની પરિપૂર્ણતા માટે દબાણ કરવા માટે તેઓ દિલ્હીને ઘેરો ઘાલવાની યોજના બનાવી રહ્યા છે. તોફાનોની અનેક ઘટનાઓ બની અને સુરક્ષા દળોએ ટિયર ગેસ પણ છોડવો પડ્યો. મંગળવારે મોડી સાંજે આ લખાઇ રહ્યું છે ત્યારે ખેડૂતોએ તેમની કૂચ અટકાવી દીધી છે અને બુધવારે સવારે આ કૂચ શરૂ કરવામાં આવશે એમ જણાવાયું છે. આ ઘટનાઓએ બે વર્ષ પહેલાના ખેડૂત આંદોલન સમયની યાદો તાજી કરી છે.

જો કે અત્યારના ખેડૂત આંદોલનના સૂત્રધારો જુદા છે. હાલનો સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) એ એક જૂથ છે જે જુલાઇ 2022માં મૂળ સંયુક્ત કિસાન મોરચા (SKM)થી અલગ થઇ ગયો હતો. તેના સંયોજક જગજીત સિંહ દલ્લેવાલ છે, જે પંજાબ સ્થિત ભારતીય કિસાન યુનિયન (BKU) સિદ્ધુપુર ફાર્મના પ્રમુખ છે. યુનિયન, જે મુખ્ય સંસ્થાના નેતૃત્વ સાથેના મતભેદોને પગલે SKMથી અલગ થઇ ગયું હતું. KMM, વર્તમાન વિરોધમાં અન્ય સંગઠન, પંજાબ સ્થિત યુનિયન કિસાન મઝદૂર સંઘર્ષ સમિતિ (KMSC) ના કન્વીનર સર્વન સિંહ પંઢેર દ્વારા બનાવવામાં આવ્યું હતું. KMSC 2020-21 માં ફાર્મ કાયદા સામેના મુખ્ય વિરોધમાં જોડાઇ ન હતી, અને તેના બદલે કુંડલી ખાતે દિલ્હી સરહદ પર એક અલગ મંચ ઊભો કર્યો હતો. ત્યારના ખેડૂત આંદોલનનો અંત આવ્યા પછી, KMSC એ તેનો આધાર વિસ્તારવાનું શરૂ કર્યું -અને જાન્યુઆરીના અંતમાં, KMM ની રચનાની જાહેરાત કરી, જેમાં સમગ્ર ભારતમાંથી 100 થી વધુ યુનિયનોનો સમાવેશ થાય છે. SKM એ 16 ફેબ્રુઆરીએ ગ્રામીણ ભારત બંધ માટે એલાન આપ્યું છે. જ્યારે SKM દિલ્હી ચલો આંદોલનનો ભાગ નથી, જો કે આ મોરચાએ સોમવારે સાંજે એક નિવેદન જારી કર્યું હતું કે તેમાં ભાગ લઇ રહેલા ખેડૂતો પર કોઇ દમન થવુ જોઇએ નહીં. 2,500 ટ્રેક્ટર ટ્રોલીઓ સાથેના ખેડૂતો મંગળવારે દિલ્હી તરફ કૂચ કરવા સજ્જ થયા ત્યારે અગાઉના આંદોલન જેવો જ માહોલ સર્જાયો હતો. સરકારે આંદોલનકારી ખેડૂતો સાથે મંત્રણા કરવા ત્રણ મંત્રીઓને કામે લગાડ્યા પરંતુ નોંધનીય રીતે, ખેડૂત નેતાઓએ જણાવ્યું હતું કે સોમવારે કેન્દ્રીય મંત્રીઓ સાથેની તેમની બેઠક "અનિર્ણાયક" રહી કારણ કે સરકાર તમામ પાક પર એમએસપીની તેમની માંગના સંદર્ભમાં માત્ર ખાતરી આપી રહી છે!

ખેડૂતોના 12-પોઇન્ટ એજન્ડામાં મુખ્ય માગ તમામ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)ની બાંયધરી આપતો કાયદો અને ડો. એમ.એસ. સ્વામીનાથન કમિશનના અહેવાલ અનુસાર પાકની કિંમતો નક્કી કરવા માટેની છે. અન્ય માંગણીઓ આ મુજબ છેઃ ખેડૂતો અને મજૂરો માટે સંપૂર્ણ દેવું માફી; 2013ના જમીન સંપાદન અધિનિયમનો અમલ, સંપાદન પહેલાં ખેડૂતોની લેખિત સંમતિ માટેની જોગવાઇઓ અને કલેક્ટર દર કરતાં ચાર ગણા વળતરની જોગવાઇ; ઓક્ટોબર 2021ના લખીમપુર ખેરી હત્યાકાંડના ગુનેગારો માટે સજા; ભારતે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (ડબ્લ્યુટીઓ) માંથી ખસી જવું જોઇએ અને તમામ મુક્ત વેપાર કરારો ફ્રીઝ કરવા જોઇએ; ખેડૂતો અને ખેત મજૂરો માટે પેન્શન; દિલ્હી વિરોધ દરમિયાન મૃત્યુ પામેલા ખેડૂતો માટે વળતર, પરિવારના એક સભ્યને નોકરી સહિત; વીજળી સુધારણા કાયદો 2020 નાબૂદ થવો જોઇએ; મનરેગા હેઠળ દર વર્ષે 200 (100ને બદલે) દિવસની રોજગાર, 700 રૂપિયાનું દૈનિક વેતન અને આ યોજનાને ખેતી સાથે જોડવી જોઇએ; નકલી બિયારણો, જંતુનાશકો, ખાતરોનું ઉત્પાદન કરતી કંપનીઓ પર સખત દંડ અને સજા; બીજની ગુણવત્તામાં સુધારો; મરચાં અને હળદર જેવા મસાલા માટે રાષ્ટ્રીય કમિશન; જળ, જંગલો અને જમીન પર આદિવાસીઓના અધિકારો સુનિશ્ચિત કરવા. આમાંની કેટલીક માગણીઓ સ્વીકારવી સરકાર માટે ખૂબ મુશ્કેલ છે. ખેડૂતો ભારત વિશ્વ વ્યાપાર સંગઠન (ડબલ્યુટીઓ)માંથી નિકળી જાય તેવી માગણી કરી રહ્યા છે પરંતુ ભારત માટે આ વૈશ્વિક સંગઠનમાંથી બહાર નિકળી જવું હવે અશક્યવત છે. આ વર્લ્ડ ટ્રેડ આર્ગેનાઇઝેશનની શરતો મુજબ સરકાર ભારતીય ખેડૂતોને અમુક રક્ષણ અને સબસીડી આપી શકતી નથી, દેખીતી રીતે આને કારણે ખેડૂતોનો આ વૈશ્વિક વ્યાપાર સંગઠન સામે વિરોધ છે પરંતુ ભારતે ખુલ્લા બજારની નીતિ સ્વીકારી છે અને તેને કારણે તેને અનેક લાભો પણ થયા છે અને પોતાની ખુલ્લા બજારની નીતિને કારણે ભારત પાસે વિશ્વ વ્યાપાર સંગઠન સાથે જોડાયેલા રહ્યા વિના અને વિવિધ દેશો સાથે મુક્ત વ્યાપાર કરારો કર્યા વિના છૂટકો નથી. ભારતે વૈશ્વિક બજારમાં પોતાની વગ વધારવા અને વધુ લાભો અંકે કરવા માટે પોતાના કૃષિ અને બિન કૃષિ ઉત્પાદનોને વધુ સ્પર્ધાક્ષમ બનાવ્યા વિના છૂટકો નથી. વિશ્વ વ્યાપાર સંગઠનમાંથી નિકળી જવું એ કોઇ યોગ્ય માર્ગ નથી. ખેડૂતો અને ખેત મજૂરો માટે પેન્શની માગણી આંદોલનકારી ખેડૂતો કરી રહ્યા છે તે જો સ્વીકારવામાં આવે તો સરકાર પર પ્રચંડ નાણાકીય બોજ આવે તેમ છે અને વળી બીજા ક્ષેત્રોમાંથી પણ આવી માગણી ઉઠી શકે છે! તેથી આ માગણી સ્વીકારવી પણ સરકાર માટે અશક્યવત છે. જળ, જમીન અને જંગલો પર આદિવાસીઓના અધીકારોની માગણી પણ સંપૂર્ણપણે સ્વીકારી લેવી સરકાર માટે કઠીન પુરવાર થઇ શકે છે. મનરેગા હેઠળ ખેતમજૂરોને વર્ષે ૨૦૦ દિવસનું કામ આપવાની માગણી પણ આર્થિક ભારણ ઘણુ વધારી દે તેવી છે અને લખીમપુર ખેરી હત્યાકાંડનો કેસ સરકાર રાજકીય ગણતરીથી ફરી ખોલવામાં અચકાય તેમ છે! આ આંદોલન પાછળ વિપક્ષનો પણ દોરી સંચાર છે એમ કહેવાય છે અને લોકસભાની ચૂંટણી ટાણે સરકારને ભીંસમાં લેવા માટે આવું હોઇ શકે છે. પંજાબની આપ સરકારે ખેડૂતોને બેરોકટોક હરિયાણા તરફ આગળ વધવા દીધા તે બાબત આ સંદર્ભમાં સૂચક છે. હવે આ આંદોલન કેવો વળાંક લે છે તે જોવાનું રહે છે. ગમે તેમ પરંતુ તે ભાજપ માટે થોડી મુશ્કેલી તો જરૂર ઉભી કરશે એમ સ્પષ્ટ જણાય છે.

પાકિસ્તાનમાં યોજાયેલી ચૂંટણીનાં પરિણામો શું દર્શાવે છે?

જ્યારે આપણે જોઈએ છીએ કે પાકિસ્તાનની ચૂંટણીઓમાં શું થઈ રહ્યું છે ત્યારે આપણે આભારી થવું જોઈએ કે આપણી લોકશાહી વધુ મજબૂત છે.

અમારી ચૂંટણી મુક્ત અને નિષ્પક્ષ રહે છે. ત્યાં આર્મી જ રાજકીય પક્ષોને નિયંત્રિત કરે છે.

પાકિસ્તાનમાં 8 ફેબ્રુઆરીના રાષ્ટ્રીય ચૂંટણીમાં સાચા પ્રતિસ્પર્ધી બે વ્યક્તિઓ હતા. તેઓ આર્મી ચીફ જનરલ અસીમ મુનીર અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) ના સ્થાપક ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન હતા.

જનરલ મુનીરે પડદા પાછળથી અને અન્ય સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા ખાનને કચડી નાખવાનો પ્રયાસ કરવા માટે તમામ શક્તિઓનો ઉપયોગ કર્યો હતો, પરંતુ પરિણામો દર્શાવે છે કે તે એમ કરવામાં નિષ્ફળ રહ્યા છે. ઈમરાન ખાને પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી જીતી લીધી છે. જોકે, તેઓ સરકાર બનાવી શકશે નહીં કે વડા પ્રધાન બની શકશે નહીં. પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફને વિરોધ છતાં સેનાનું સમર્થન હતું. તેથી, નવાઝ શરીફની પાકિસ્તાન મુસ્લિમ લીગ (એન) અને બિલાવલ ભુટ્ટો ઝરદારીની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) નવી સરકારનો દાવો કરવા માટે ગઠબંધન કરે તેવી શક્યતા છે - જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન દ્વારા સમર્થિત અપક્ષો ઉમેદવારોએ સૌથી વધુ સીટો જીતી હોવા છતાં.

પીએમએલ(એન) અને પીપીપી, જેણે રવિવારે બેઠક યોજી હતી અને સૈદ્ધાંતિક રીતે દેશને રાજકીય અસ્થિરતાથી બચાવવા માટે સંમત થયા હતા.

ઈમરાન ખાને ચૂંટણી લડી ન હતી અને તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ને બેલેટ પેપર પર તેના ચૂંટણી ચિન્હનો પણ ઇનકાર કરવામાં આવ્યો હતો. જોકે, તેમનો પક્ષ, 'અપક્ષ' તરીકે ચૂંટણી લડીને સંસદમાં સૌથી મોટા જૂથ તરીકે ઊભરી આવ્યો છે. લગભગ એક વર્ષથી જેલમાં રહેલા ઈમરાન ખાન માટે આ એક અસાધારણ જીત છે. મતદારો સુધી તેમની પાસે કોઈ પહોંચ ન હોવા છતાં આ થયું.

જોકે, આ પગલાંઓ અને ઇમરાન ખાનના અગ્રણી સાથીદારો પર દબાણ હોવા છતાં અપક્ષ તરીકે ચૂંટણી લડતા પીટીઆઈ ઉમેદવારો સૌથી મોટા જૂથ તરીકે સામે આવ્યા હતા. તેઓએ નેશનલ એસેમ્બલીમાં (91)(અત્યાર સુધી ઘોષિત) જનરલ મુનીરનો પસંદગીનો પક્ષ, શરીફની પાકિસ્તાન મુસ્લિમ લીગ (એન) (71) અથવા ભુટ્ટો-ઝરદારીઓની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) (53) કરતાં વધુ બેઠકો મેળવી હતી.

વર્તમાન પરિસ્થિતિમાં, તે પીપીપી છે જે સરકારની રચના માટે નિર્ણાયક છે. તેણે સિંધ જાળવી રાખ્યું છે અને પંજાબમાં પણ જીત મેળવી છે.

જનરલ મુનીરે પીએમએલ (એન) અને પીપીપીને પીએમએલ (એન)ના નેતા અને નવાઝ શરીફના ભાઈ શેહબાઝ શરીફની આગેવાની હેઠળની ચૂંટણી પૂર્વેની પીપલ્સ ડેમોક્રેટિક મૂવમેન્ટ (પીડીએમ) સરકારના બીજા સંસ્કરણમાં હાથ મિલાવવાની વિનંતી કરી છે. સરકાર બનાવવા પર બંને વચ્ચે વાતચીત થઈ રહી છે, પરંતુ વાટાઘાટો મુશ્કેલ હશે. કારણ કે, બંને પક્ષો માટે ઘણું જોખમ છે.

અંતે, જનરલ મુનીર અને તેના સેનાપતિઓની ટોળી બંને પક્ષો વચ્ચે 'પાકિસ્તાનના ભલા' માટે સમાધાન કરાવશે. પીએમએલ

ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

નવાઝ શરીફના ભાઈ શાહબાઝ શરીફ વડા પ્રધાન બની શકે છે, ત્યાર બાદ નવા આત્મવિશ્વાસથી ભરપૂર બિલાવલ ભુટ્ટો વડા પ્રધાનપદ માટે ઈચ્છુક છે, ઈમરાન ખાને પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી જીતી લીધી છે, પરંતુ તેઓ સરકાર બનાવી શકશે નહીં કે વડા પ્રધાન બની શકશે નહીં

(એન) અને પીપીપી સરકાર ચોથી વખત પાકિસ્તાનના વડા પ્રધાન બનવાની નવાઝ શરીફની આકાંક્ષાને પૂર્ણ કરી શકશે નહીં, પરંતુ પીએમએલ (એન) તેમના હેતુ માટે બળપૂર્વક લડશે.

આ પરિદૃશ્ય પર એવા મુખ્ય ખેલાડીઓ પણ છે જેમની પોતાની યોજનાઓ હોઈ શકે છે. જો વડા પ્રધાન પીએમએલ(એન)ના હોય તો આસિફ ઝરદારી ફરીથી રાષ્ટ્રપતિ બનવા ઈચ્છતા હોઈ શકે છે. વધુમાં નવાઝ શરીફની પુત્રીને પંજાબના મુખ્ય પ્રધાન તરીકે જોવામાં આવી રહી છે, જેનો અર્થ એ થશે કે, નવાઝ શરીફના ભાઈ શાહબાઝ શરીફ વડા પ્રધાન બની શકે છે. તે પછી બિલાવલ ભુટ્ટો છે, જે એક નવા, આત્મવિશ્વાસથી ભરપૂર, વડા પ્રધાનપદ માટે ઈચ્છુક છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાને યુનાઇટેડ સ્ટેટ્સ અમેરિકા સહિતના મહત્ત્વના સહયોગીઓનું સમર્થન ગુમાવ્યું છે. 2021માં અફઘાનિસ્તાનમાંથી અમેરિકાની પીછેહઠ બાદથી પાકિસ્તાન તરફની સૈન્ય અને આર્થિક મદદમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ દરમિયાન ભારતે પાકિસ્તાન સાથે વાતચીત કરવાનો ઇનકાર કર્યો છે જ્યાં સુધી પાકિસ્તાન આતંકવાદને સમર્થન આપવામાં તેની ભૂમિકાને સ્વીકારે નહીં.

પાકિસ્તાને સ્થાનિક આતંકવાદની ચિંતાઓ સાથે પણ લડવું જોઈએ. કારણ કે, પાકિસ્તાની તાલિબાનની નાગરિક અને લશ્કરી લક્ષ્યો પર હુમલો કરવાની ઈચ્છા વધી રહી છે. આને અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તાના પુનરાગમનને કારણે બળ મળ્યું, છેલ્લા કેટલાક દાયકાઓમાં અફઘાન તાલિબાનને ટેકો આપવાની પાકિસ્તાનની પોતાની નીતિ દ્વારા સંભવ બન્યું.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

મૂડ ઓફ છે

એક દિવસ અમી રોજની જેમ પોતાની દોડવાની પ્રેક્ટીસ કરીને ઘરે આવી અને રડમસ ચહેરે બ્રેકફાસ્ટ ટેબલ પર બેઠી. દાદીએ પૂછ્યું, 'શું થયું બેટા, કેમ આજે ચુપચાપ છે?' અમીએ કહ્યું, 'કંઈ નહિ દાદી...આજે મૂડ ઓફ છે.કંઈ કરવાનું મન જ નથી થતું.' દાદાએ પૂછ્યું, 'કેમ મૂડ ઓફ છે?' ચલ આજે રજા છે તો તને ગમતી ફિલ્મ જોવા જઈએ.' અમી બોલી, 'ના દાદા મારું મન નથી.' દાદા- દાદી ત્યારે તો કંઈ બોલ્યાં નહિ.સાંજે તેઓ વોક પર ગયાં. અમી ઘરે જ રહી.વોક પરથી આવતાં આવતાં દાદાએ અમીની ફેવરીટ ચોકલેટ લીધી અને દાદીએ આઈસ્ક્રીમ...અને પાવભાજી.ઘરે આવી અમીને બૂમ પાડી, 'અમી તારો મૂડ સારો કરવાની ચાવી લઇ આવ્યા છીએ, જલ્દી બહાર આવ.'અમી બહાર આવી અને દાદા દાદીની લાવેલી ચોકલેટ ,આઈસ્ક્રીમ અને પાવ ભાજી જોઇને તેનો મૂડ થોડો સુધર્યો.' પાવભાજી ખાતાં ખાતાં દાદા બોલ્યા, 'દીકરા, એક વાત કહેવી છે આ તારો મૂડ કેમ બગડ્યો હતો તે પછી કહેજે...પણ આજે હું જે સમજાવવા માંગું છું તે યાદ રાખજે.આ

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

તમે જેને મૂડ કહો છો તેઓ આધાર હોય છે તમારા મન પર મનગમતું થાય તો મૂડ સારો ..નહિ તો ખરાબ બરાબર ને ...' અમીએ કહ્યું, 'હા દાદા, આજે સવારે દોડવાની પ્રેક્ટીસમાં હું રોજ પહેલી આવું છું તેને બદલે ત્રીજી આવી એટલે મારો મૂડ ખરાબ હતો.' દાદા બોલ્યા, 'અરે બેટા, આટલી નાની વાત ...આજે ત્રીજી આવી... કાલે મન મજબૂત કરી દોડજે તો ચોક્કસ પહેલી આવીશ.આપણું મન આપણી તાકાત પણ છે અને કમજોરી પણ જો મન નબળું પડે તો નાનકડી મુશ્કેલી પણ મોટી સમસ્યા લાગે ...મૂડ ખરાબ કરે ..બીજાને પણ ચિંતા કરાવે ...અને જો આ મન સ્થિર હોય આપણા કાબૂમાં હોય તો આપણે કોઈ પણ મુશ્કેલીનો સામનો કરી શકીએ...કોઈ પણ પરિસ્થિતિનો સ્વીકાર કરી આપણા મૂડને સારો રાખી શકીએ અને બીજાને દુઃખી ન કરીએ અને જો આપણું મન એકદમ મજબૂત હોય ને ત્યારે આપણે કોઇ પણ મુશ્કેલીનો સામનો કરી જીતી શકીએ... કોઇ પણ પરિસ્થિતિ કે સંજોગને એક તકમાં બદલી શકીએ અને આપણો જ નહિ બધાનો મૂડ સારો રાખી શકીએ.એટલે દીકરા હંમેશા મનની તાકાતને ઓળખ અને મનને મજબૂત બનાવી આગળ વધજે.' દાદાએ અમીને ક્યારેય મૂડ ઓફ ના થાય એવી સુંદર સમજ આપી.

સ્નાતક, અનુસ્નાતક પછી બી.એડ્.ના દરવાજા બંધ

અત્યાર સુધી શિક્ષકો માટે આવશ્યક બી.એડ.ની પદવી માટેના પ્રવેશો, વિદ્યાર્થીઓ સ્નાતક કે અનુસ્નાતક થયા બાદ મેળવતા હતા. શિક્ષણજગતમાં એવી પણ ચર્ચા થતી કે સ્નાતક-અનુસ્નાતક બાદ વ્યાવસાયિક ક્ષેત્રે ક્યાંયે મેળ નહિ પડયો તો ચાલો બી.એડ. કરી લઇએ એમ માની મોટા ભાગનાં વિદ્યાર્થીઓ બી.એડ.ના કોર્ષમાં જોડાતાં હતાં. જેમાં ખરેખર શિક્ષક જ થવું છે તેવા અંતિમ ધ્યેય સાથે જોડાનારા વિરલા ગણ્યા-ગાંઠ્યા જ હતા!

તાજેતરમાં, 5મી ફેબ્રુઆરી - 2024ના દિને, શિક્ષણ સંસ્થાને માન્યતા આપતી સર્વોચ્ચ બોડી, એન.સી.ટી.ઇ. એ જારી કરેલ પબ્લિક નોટીસમાં 4 વર્ષીય ઇન્ટિગ્રેટેડ બી.એડ્. કોર્સ દાખલ કરવાની જાહેરાત કરી છે અને તે તમામ 2024-25ના પ્રવેશો ધોરણ-12 પછી, 4 વર્ષીય ઇન્ટિગ્રેટેડ બી.એડ્. કોર્સમાં ફાળવવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. એ સૂચિત કરે છે કે હવે સ્નાતક કે અનુસ્નાતક પછી બી.એડ્.ના દરવાજા સદંતર બંધ થઇ ગયા છે! હવે વિદ્યાર્થીઓએ જો શિક્ષક થવું હશે તો તેના નિર્ણય ધોરણ-12 પહેલાં જ કરી લેવો પડશે.

પ્રસ્તુત પરિપત્રમાં 4 -વર્ષીય બી.એસ.સી. - બી.એડ્./બી.એ. બી.એડ. ઈન્ટિગ્રેટેડ કોર્સનો જ ઉલ્લેખ છે.બી.કોમ. બી.એડ. નો નથી તેથી શિક્ષણજગતમાં તેનું આશ્ચર્ય સર્જાયું છે! શું કોમર્સ વિષયના શિક્ષકોની જરૂર નથી?!

સૌ જાણે છે કે,શિક્ષક તાલીમના આરંભથી વર્ષઃ 2015 સુધી બી.એડ્.નો કોર્ષ એક જ વર્ષનો હતો. 2015 પછી તે બે વર્ષનો થયો અને હવે ધોરણ-12 પછી 4 વર્ષીય ઇન્ટિગ્રેટેડ થવા જઈ રહ્યો છે. જો કે ગાંધીનગર સ્થિત,

વિનોદ પટેલ

મેડીકલ -એન્જિનિયરીંગની જેમ હવે બી.એડ.નો પ્રવેશ ધોરણ-12 પછી આપવામાં આવશે, જે 4-વર્ષીય ઈન્ટિગ્રેટેડ બી.એડ્. થી ઓળખાશે

ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, યુનિવર્સિટીમાં આ પ્રકારનો કોર્ષ ચાલે જ છે. પરંતુ હવે તેને ગુજરાતની તમામ બી.એડ્. કોલેજમાં લાગુ પાડવાનો નિર્ણય થયો છે. બીજી તરફ મોટા ભાગના આદર્શવાદી શિક્ષણશાસ્ત્રીઓ સરકારના આ નિર્ણયને ખૂબ જ સૂચક અને યોગ્ય ગણાવે છે. આ પ્રકારના 4 વર્ષીય ઇન્ટિગ્રેટેડ બી.એડ્. કોર્ષના કેટલાક ભાવિ પ્રશ્નો આકાર લેવાના છે તે અંગે સરકાર કેટલી ગંભીર છે તેની આ લખનારને ખબર નથી. હાલના તબક્કે શિક્ષણજગતમાં જે ચર્ચાઈ રહ્યું છે તેથી લાગે છે કે ધરાવતી નાની કોલેજોને મુશ્કેલી ઊભી થવાની પૂરી સંભાવના છે. તેમણે નજીકની સાયન્સ કોલેજ સાથે ટાઈ-અપ કરવું પડશે અને ઘણાં બધાં સમાધાનો પણ કરવાં પડશે. મોટી સમસ્યા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી બી.એડ્. કોલેજોને પડશે. આ કોલેજના વિદ્યાર્થીઓએ પ્રેકટીકલ્સ માટે શહેરની અન્ય સાયન્સ કોલેજમાં જવું પડશે.

મુખ્ય મુદ્દો પરીક્ષણ - મૂલ્યાંકનનો રહેશે. આંતરિક-બાહ્ય મૂલ્યાંકન, સૈદ્ધાંતિક વિષયો અને પ્રેકટીકલનું મૂલ્યાંકન કોણ કરશે? કેવી રીતે કરશે? તેના માપદંડો શું હશે? વગેરે બાબતોનું સ્પષ્ટીકરણ આ પરિપત્રમાં નથી.

જો કે હાલમાં તો, ધોરણ-12 પછીનાં 4 વર્ષીય ઈન્ટિગ્રેટેડ બી.એડ.ના આ તરોતાજા પરિપત્રે મોટા ભાગની મેનેજમેન્ટને અને બી.એડ્.ની વર્તમાન ફેકલ્ટીની ઊંઘ ઉડાડી દીધી છે! ગ્રામ્ય વિસ્તારની સિંગલ ફેકલ્ટીની બી.એડ્. કોલેજો ભવિષ્યમાં બંધ કરવી પડે એવું પણ બને.

હાલમાં ગુજરાતની મોટા ભાગની ગ્રાન્ટેડ અને સરકારી બી.એડ્. કોલેજમાં કાયમી પ્રિન્સિપાલોની ભરતી પ્રક્રિયાએ પણ જોર પકડયું છે ત્યારે ઇ.ચા. પ્રિન્સિપાલો પર ફરી એક વધારાનો બોજ આવ્યો છે એવું ચર્ચાઈ રહ્યું છે.

ખેર! પ્રશ્ન છે તો ઉત્તર છે. સમસ્યા છે તો ઉકેલ છે, સમાધાન છે એવી ફિલોસોફીમાં માનતા હોઈએ તો સમયાંતરે બધુ સમુંસૂતરું પાર પડશે એવી આશા રાખી શકાય.

યક્ષ પ્રશ્ન તો શિક્ષક તાલીમની અને શિક્ષકની ગુણવત્તાનો છે. NEP-2020માં પણ તેના પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બી.એડ્. 1 વર્ષ, 2 વર્ષ, કે 4 વર્ષનું કરવાથી શિક્ષણની ગુણવત્તા કેટલી ઊંચી આવશે એ તો સમય જ કહેશે. આ વિષય પર પી.એચ.ડી. કક્ષાનાં સંશોધનો થશે ત્યાં સુધી આપણે સ્થિતપ્રજ્ઞ બની રહીએ.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

કાયદાનો અમલ મોડો શરૂ કરો, વેપારીઓને મુસીબત થશે

એમ એસ એમ ઈ મેન્યુફેક્ચરમાં આવતાં જે પણ યુનિટો હોય તે તમામે ૩૧ માર્ચના રોજ જે ખરીદેલા માલનાં બિલના 45 દિવસ પૂરાં થતાં હોય તે તમામ બિલના પેમેન્ટ ગમે તેમ કરીને પણ ચૂકતે કરી દેવા પડશે.જો તે બિલ ચૂકતે ના થાય તો તેવા અનપેઇડ બિલની રકમ આવકમાં ગણી લેવામાં આવશે અને તેનો મુજબ ટેક્સ ભરવો પડશે. હવે મંદીને કારણે જે વેપારીનો માલ ન વેચાયો હોય અને સ્ટોક હશે અને ઉઘરાણી ઓછી અને બીલના પેમેન્ટ વધારે હશે તેવા વેપારીઓએ અત્યારથી જ બિલ ચૂકતે કરવા માટે ઘટતી રકમની સગવડ કરી લેવી જરૂરી છે. એકાંતરે આ કાયદો સારો છે, પરંતુ જો માલ ન વેચાય તો પેમેન્ટ ચૂકવવા માટે નાણાં ઓછાં પડે તો પછી તેવા મેન્યુફેક્ચરે 45 દિવસ પહેલાં ખરીદી બંધ કરી દેવી પડશે અને તેને કારણે ઉત્પાદન પણ બંધ કરી દેવાની નોબત આવી શકે. આવા સંજોગોમાં કામદારોને સાચવવા અને પેમેન્ટ ચૂકતે કરવા એ ઉત્પાદકો માટે બેલેન્સ કરવું અત્યંત કઠિન કામ થઈ જશે. આ કડક કાયદાના કારણે અમુક નાના કે મોટા મેન્યુફેક્ચરોને સરકારે યોજના બનાવી ઓછા વ્યાજે તરત જ લોન મળી શકે તેવી ગોઠવણ કરી આપવી ખૂબ જ જરૂરી છે, જેથી કરીને તકલીફમાં આવતા તમામ વેપારીઓ આ 145 દિવસની સાયકલમાં આસાનીથી ટકી શકે. અમુક વેપારીઓ ખરીદેલા માલના પેમેન્ટ ચુકવી શકવાની સ્થિતિ નથી. જે ઉત્પાદકોએ વેચેલા માલના પેમેન્ટ આપવાની ગણતરી કરી હોય અને ત્યારે જ માલ પરત આવે છે ત્યારે તે કાયદા મુજબ પેમેન્ટ કેવી રીતે ચૂકવી શકશે? આ નવા કાયદાની સામે આવી અનેક સમસ્યા ઊભી થઇ શકે છે. તે જોતાં વેપારીઓએ દિલ્હી જઈ નાણાં મંત્રીને આ મુજબની રજૂઆત કરી માગણી કરી જ છે ત્યારે સરકારે પણ વેપારીઓની સમસ્યા સમજીને આ કાયદાનો અમલ એક વર્ષ પછી કરવો જોઈએ, જેથી વેપારીઓ કાયદાને સફળ બનાવવા પૂરતી તૈયારી કરી શકે.

સુરત - વિજય તુઇવાલા

જુની પેન્શન યોજના માટે ગુજરાતને અન્યાય કેમ

જુની પેન્શન યોજના શરૂ કરવા માટે કર્મચારીએ છ સપ્તાહનું અલ્ટીમેટમ આપ્યું છે. એવા સમાચાર જાણવા મળ્યા પરંતુ કેહવાનું તાત્પર્ય એ છે કે પંજાબ અને રાજસ્થાન સરકારે આ યોજના શરૂ કરી છે તો ગુજરાતના કર્મચારી અન્યાય શા માટે જો ફકત પાંચ વરસ સેવા કરવાના શપથ લઇ આખી જિંદગી પેન્શન લેનારા વિદ્યાપકો આ બાબતે કેમ કંઈ ટીપ્પણી કરતા નથી? ઉમકે એમને તો પેન્શન યોજના તો લાભ મળે જ છે. તો સેવા માટે જે શપથ લે છે તેમાં આ અન્યાય માટે પણ કંઇક કરવું જોઈએ. એ એમની ફરજમાં આવે છે. અમે પંજાબમાં વિરોધપક્ષ એ આ યોજના ચાલુ કરી એટલે ઉદાર ગુજરાતમાં આ યોજનાથી કર્મચારીને વંચિત રાખવામાં આવ્યું છે. એવું લાગી રહ્યું છે. પચ્ચીસ પચ્ચીસ વરસ કામ કરીને નિવૃત્ત પરંતુ પણ કર્મચારીને જીવન નિવાર માટે હાથ ફેલાવવાનો આવે તે અયોગ્ય ચે. માટે હવે તો ચૂંટણી પણ નજીક છે. તો આ જુની પેન્શન યોજના સત્વરે ચાલુ કરવા સરકારે વિચારવું જોઇએ.

સુરત - કલ્પના વૈદ્ય

ઘટમાં તોય વટમાં

છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં શિક્ષણની માઠી દશા બેઠી છે. સરકારી અને ગ્રાન્ટેબલ શાળાઓમાં હજારો શિક્ષકોની ઘટ છે એવા સમાચારો વારંવાર આવે છે. એક તરફ બેરોજગારી છે અને બીજી તરફ શાળાઓમાં તથા સરકારી કચેરીઓમાં ખાલી જગ્યાઓ ભરાતી નથી. જે દેશમાં કે રાજ્યમાં શિક્ષણની સિસ્ટમ અસ્તવ્યસ્ત હોય તે દેશની પ્રગતિ કઈ રીતે શક્ય બને? દુનિયાની પાંચમા નંબરની અર્થવ્યવસ્થાની નાણાંકીય સિદ્ધિ હાંસલ કરી લઈએ એટલું પૂરતું છે? અધ..ધ..ધ.. દેવું અને વિકાસની પીપૂડી વચ્ચે કોઈ તાલમેળ કઈ રીતે બેસતો હ